*If you want to fly, We provide wings...*

ICE®

# TRENDING CURRENT

TOPIC 49

## લોકડાઉન




ચર્ચામાં શા માટે ?

લોકડાઉન વિશે

લોકડાઉનનનો સમય 21 દિવસ જ શાં માટે ? :-


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


TOPIC-49નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in
t.me/icerajkotofficial
9375701110/9328001110




- તાજેતરમાં ભારત સરકારે Covid-19 (કોરોના વાયરસ) રોગના કારણે સમગ્ર ભારતમાં 21 દિવસનો લોકડાઉન જાહેર કર્યો છે.
- આ લોકડાઉનના સમયગાળા પાછળ વૈજ્ઞાનિક આધાર અને રોગશાસ્ત્રના મહત્વને ચર્ચાના કેન્દ્રમાં લાવવામાં આવ્યા હતા.

## લોકડાઉન વિશે

- આપાતકાલીન પરિસ્થિતિમાં જાહેર કરાયેલ ચોક્કસ વિસ્તારનાં લોકોને એજ વિસ્તાર પૂરતાં મર્યાદિત કરી દેવા માટે લાગુ કરવામાં આવતી વ્યવસ્થાને લોકડાઉન કહેવાય છે.
- લોકડાઉન દરમિયાન લોકોને ઘરની બહાર નિકળવાની સખત મનાઈ હોય છે. તથા તમામ સંસ્થાઓ, ઉદ્યોગો, દુકાનો વગેરે બંધ રાખવાના હોય છે.
- પરંતુ આ સમય દરમિયાન મેડિકલ સહાયતા, દૂધ, અનાજ, કરિયાણું, દવા વગેરે જેવા હેતુથી બહાર નીકળી શકાય છે. પણ એ માટે ચોક્કસ કારણ દર્શાવવું જરૂરી છે.
- લોકડાઉન દરમિયાન મીડિયા, ડિફેન્સ, હેલ્થ જેવી અનિવાર્ય સેવાઓ ચાલું રહે. છે. પરંતુ તે લોકોને પોતાનું ઓળખપત્ર પાસે રાખવું જરૂરી છે.
- Covid-19 એ વ્યક્તિઓના સંપર્કથી ફેલાતો રોગ છે. આથી આ રોગને ફેલાતો અટકાવવા માટે દરેક વ્યક્તિ પોતાના ઘરમાં રહે જેથી આ રોગચાળાને ફેલાતો અટકાવાય એ જ લોકડાઉનનો મુખ્ય હેતુ છે.
- લોકડાઉન એ પરિસ્થિતિની ગંભીરતા સમજવામાં તથા સકારાત્મક સાર્વજનિક અભિપ્રાય દર્શાવવામાં મદદ કરે છે.
- હાલ ભારતમાં લોકડાઉનની પરિસ્થિતિ દરમિયાન CRPCની કલમ 144 લાગુ કરવામાં આવી છે.
- આ અગાઉ વર્ષ 2015માં પેરિસ તથા બોસ્ટન શહેરમાં આતંકવાદી હુમલા બાદ આતંકીઓને પકડવા માટે લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- તાજેતરમાં ચીન, ઈટાલી, ડેનમાર્ક, સ્પેન અને ફ્રાન્સ જેવા દેશોએ તેમના અમુક વિસ્તારોમાં લોકડાઉન જાહેર કર્યું હતું. જેના કારણે Covid-19 સંદર્ભે તેના હકારત્મક પરિણામો જોવા મળ્યા હતા.

## લોકડાઉનનનો સમય 21 દિવસ જ શાં માટે ? :-

- 21 દિવસીય લોકડાઉનના સમયનો નિર્ણય વૈજ્ઞાનિક આંકડાના આધારે નક્કી કરવામાં આવ્યો છે. આ વાયરસના સંદર્ભમાં 21 દિવસના લોકડાઉન સમયની ગણતરીની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી અને આ ગણતરી વાયરસની માનવ શરીરમાં અંદાજીત સેવન (Incubation Period) ના સમયગાળા પર આધારિત હતી.
- સાર્વજનિક આરોગ્ય નિષ્ણાતોના જણાવ્યા અનુસાર 21 દિવસના ક્વૉરેન્ટાઈન (Quarantine)નો નિર્ણય ભૂતકાળ અને વર્તમાન રોગચાળાના આકડાના અર્થઘટનના આધારે નક્કી કરવામાં આવ્યો છે.
- રોગશાસ્ત્ર વિજ્ઞાનના જણાવ્યા અનુસાર હાલમાં માનવ શરીરમાં વાયરસના સેવનનો સમયગાળો 14 દિવસનો છે. તથા એક અઠવાડિયાનો સમય વધારીને આ વાયરસનો ચેપ પણ દૂર કરી શકાય છે. આમ કુલ 21 દિવસ પછી સંપૂર્ણપણે સલામત સ્તરે પહોંચી શકાય છે.
- સાયન્સ ડેઈલીના એક અહેવાલ મુજબ Covid-19નો સરેરાશ સેવન સમય માત્ર પાંચ દિવસનો છે અને 97.5% લોકોને આ રોગના લક્ષણો, ચેપ લાગ્યા પછીના 11 દિવસની અંદર દેખાય છે.
- વર્તમાન 14 દિવસનો વાયરસ સેવન સમયગાળો યુ.એસ રોગ નિયંત્રણ અને રોગ નિવારણ કેન્દ્ર (U.S Centers For Disease Control and Prevention) દ્વારા સક્રિય દેખરેખ અને પુરાવાના આધારે ભલામણ કરેલ છે.
- લોકો અનિશ્ચિત સમય માટે ઘરની અંદર રહી શકતા નથી, પરંતુ હાલની પરિસ્થિતિની જરૂરિયાતને સમજીને લોકોએ સરકારની સૂચનાઓને સખત રીતે પાલન કરવાની જરૂર છે.
- નોંધ : 24 માર્ચના રોજ જાહેર કરાયેલું લોકડાઉન 14 એપ્રિલ સુધીનું હતું એટલે કે 21 દિવસનું હતું પરંતુ કોરોના વાયરસનો ઝડપથી થતો ફેલાવાને ધ્યાનમાં રાખીને લોકડાઉનની અવધીમાં વધારો કરી 3મે સુધી લંબાવવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT